# કહેર યથાવત : રાજ્યમાં કોરોનાના નવા ૬૨૭૫ કેસ

## અત્યાર સુધીમાં કુલ ૧૨૬૩ દર્દી સાજા થઇ ચુક્યાં છે : આજના દિવસમાં કુલ ૯૩,૪૬૭ વ્યક્તિઓને રસીના ડોઝ અપાયા : સાજા થવાનો દર ઘટીને ૯૫.૫૯ ટકા

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં કોરોનાનો આંકડો દિવસેને દિવસે બેકાબુ થઈ રહ્યો છે. રાજ્યમાં ૬૨૭૫ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨૬૩ દર્દીઓ સાજા થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૮,૨૪,૧૬૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે સાજા થવાનો દર પણ ઘટીને ૯૫.૫૯ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજના દિવસમાં કુલ ૯૩,૪૬૭ વ્યક્તિઓને રસીના ડોઝ આપવામાં આવી ચુક્યાં છે.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૭૯૧૩ નાગરિકો એક્ટિવ કેસ છે. જે પૈકી ૨૬ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૨૭૮૮૭ નાગરિકો સ્ટેબલ છે. ૮૨૪૧૬૩ નાગરિકો અત્યાર સુધી કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. ૧૦૧૨૮ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર છે કે, આજના દિવસમાં એક પણ નાગરિકનું મોત નથી નિપજ્યું. જે આડકતરી રીતે રાહતના સમાચાર કહી શકાય. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૨ને પ્રથમ ૧૪૪ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉમરના ૩૫૯૯ ને પ્રથમ અને ૧૧૪૨૭ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૨૪૬૭૧ને રસીનો પ્રથમ અને ૩૫૭૬૭ ને રસીનો બીજો ડોઝ અપાયો છે. ૧૫-૧૮ વર્ષના નાગરિકો પૈકી ૧૭૮૫૭ તરૂણોને પ્રથમ ડોઝ અપાયો હતો. આજે ૯૩૪૬૭ કુલ રસીના ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૯,૩૧,૧૮,૮૧૭ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

# ધોળકા-બગોદરા હાઈવે પર અકસ્માતમાં પાંચનાં મોત

## ત્રણ મહિલા સહિત પાંચના ઘટના સ્થળે જ મોત : ખેડા જિલ્લાના વારસંગનો ઠાકોર પરિવાર બરવાળા ખાતે માતાજીનાં દર્શન કરવા જઈ રહ્યો હતો ત્યારે દુર્ઘટના બની

ધોળકા-બગોદરા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો જેમાં ઘટના સ્થળે પાંચ મોત થઈ ગયા. જ્યારે અન્ય લોકોને ઈજા પહોંચી છે. આ ગમખ્વાર અકસ્માતમાં ઈકો કારનો સાવ ભુક્કો બોલી ગયો હતો. આ ઘટનામાં ઈકો કારનો અકસ્માત અજાણ્યા વાહન સાથે થયો હતો ઘટના બનતા જ ધોળકા ટાઉન પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. જેમાં ઘાયલોને ૧૦૮ મારફતે ધોળકા હોસ્પિટલ ખસેડાયા. મૃતકોમાં ૨ પુરુષ અને ૩ સ્ત્રીનો સમાવેશ થાય છે.

ઘટનાની મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, ઈકો ગાડીમાં સવાર ખેડા જિલ્લાના વારસંગના રહેવાસી ઠાકોર પરિવારના સભ્યો વારસંગથી નીકળીને બરવાળા ખાતે માતાજીનાં દર્શન કરવા માટે જતા હતા. આ દરમિયાન ધોળકા-બગોદરા હાઈવે પર સાંઈ દર્શન સોસાયટી નજીક વહેલી સવારે ઈકો ગાડી કોઈ અજાણ્યા વાહન સાથે ટકરાઈ હતી, જેમાં ત્રણ મહિલા અને બે પુરુષ એમ પાંચ લોકોનાં મોત થયાં છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક જાણકારી પ્રમાણે, ઈકો ગાડીમાં ચાર બાળક, પાંચ પુરુષ અને છ મહિલા હતાં, જેમાં ત્રણ મહિલા અને બે પુરુષનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં.

મહત્વનું છે કે ૧૦ દિવસ પહેલાં જ બગોદરા-વટામણ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એકાએક ટ્રક પાછળ એક તૂફાન ગાડી ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ત્રણનાં મોત નીપજ્યાં હતાં અને ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત થયેલી તૂફાન કારમાં સવાર લોકો રાજકોટની અલગ-અલગ સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો હતા. તેઓ રાજકોટથી વાપી ક્રિકેટ રમવા માટે સ્પર્ધામાં ગયા હતા. આ અકસ્માતમાં મૃતક અને ઈજાગ્રસ્તોને સરકારે સહાયની જાહેરાત કરી છે.

# માઉન્ટ આબુમાં લઘુત્તમ તાપમાનનો પારો ગગડીને માઈનસ બે ડિગ્રી

## સહેલાણીઓ પણ તાપણાનો સહારો લેવો મજબુર



બનાસકાંઠાને અડીને આવેલા રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં તાપમાનનો પારો ગગડીને માઈનસ બે ડિગ્રીએ પહોંચ્યો છે. જેના પગલે પાણીના કુંડ, ગાડીઓ અને બગીચામાં બરફ છવાયો હતો. જો કે માઈનસ તાપમાનમાં પણ સહેલાણીઓ માઉન્ટ આબુની ઠંડીની મજા માણી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં હવામાન વિભાગની આગાહી મુજબ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી છાંટા પડતાં ઠંડીનો પારો ગગડ્યો હતો. જેની અસર ગુજરાતને અડીને આવેલા રાજસ્થાન માઉન્ટ આબુમાં પણ જોવા મળી હતી, જેને પગલે ત્યાં માઈનસ બે ડિગ્રી તાપમાન નોંધાયું હતું. છેલ્લા ચાર દિવસથી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હતા. જો કે ગઈકાલે શનિવારે સાંજથી તાપમાન ઘટવા લાગ્યું હતું. જેની અસર માઉન્ટ આબુમાં જોવા મળી હતી. જેથી અનેક વિસ્તારમાં પાણીના કુંડા અને ગાડી ઉપર બરફ પથરાયેલો જોવા મળ્યો હતો.જેની સહેલાણીઓ મોજ માણી હતી પરંતુ અતિ કાતિલ ઠંડીને પગલે હર કોઈને તાપણાનો સહારો લેવો પડી રહ્યો છે.



# જિલ્લા RTPCR ૪૦૮૭ અને એન્ટીજન ૧૦૪૬ ટેસ્ટ કરાયા

બનાસકાંઠા જિલ્લામાં દિવસે દિવસે કોરોનનું સંક્રમણ વધી રહ્યું છે ખુબ ઓછા સમયમાં બનાસકાંઠામાં શહેર હોય કે ગ્રામ્ય વિસ્તાર એક સાથે સંક્રમણ ના કેસ આવી રહ્યા છે. જિલ્લામાં કેસો વધતાં તંત્રપણ હરકતમાં આવી ગયું છે અને જિલ્લા કલેકટરે અલગ અલગ જાહેરનામાં બહાર પાડીને જિલ્લાની જનતાને સતર્ક કરી દીધી છે ;સાથે જિલ્લા પોલીસવડાએ પણ જિલ્લાના નાગરિકોની સુરક્ષા માટે દરેક ગામ અને શહેરનના તમામ એસોસિએશન સાથે બેઠકો કરી વધુને વધુ સંક્રમણને અટકાવવા તકેદારી રાખવાનું આયોજન કરી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં બીજી લહેર બાદ ફરી કોરોના પોઝિટિવ કેસ સામે આવવા લાગ્યા છે જેમાં આજે જિલ્લા ૧૯ કોરોના પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. જિલ્લામાં કોરોના પોઝિટિવ એક્ટિવ કેસનો આંક ૫૮ પર પહોંચ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં ફરી કોરોના પોઝિટિવ કેસો સામે આવવા લાગ્યા છે. જેમાં જિલ્લા ૧૯ કોરોના પોઝિટિવ કેસ નોંધાતાં તંત્ર હરકતમાં આવ્યું છે.



ગાંધીનગરના નગરદેવ પંચદેવ મંદિરે શ્રીમદ્ ભાગવત કથાની પૂર્ણાહુતિનો યજ્ઞ યોજાયો હતો જેની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આયુષ્ય અને આરોગ્યની સિદ્ધિ માટે કથા વ્યાસ નીલકંઠ શાસ્ત્રીજી દ્વારા વિશેષ મંત્ર દ્વારા આહુતીઓ આપવામાં આવી હતી. યજ્ઞમાં નાના બાળકો અદ્વૈત વનશ્રી દ્વારા મંત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા તેમજ સત્સંગી મહિલાઓએ પણ લાભ લીધો હતો.

# ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ફેન્સીંગ ચેમ્પિયનશીપમાં શહેરના યુવકે સિલ્વર મેડલ મેળવ્યો

ગાંધીનગર, તા. ૯

ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સીટી ફેન્સીગ ચેમ્પિયનશીપ ૬ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૨ દરમ્યાન યોજાઈ. જેમા ગાધીનગરના અમરસિહ ઠાકોર એ લવલી પ્રોફેશનલ યુનિવર્સીટી તરફથી ભાગ લઈ ભાઈઓની ફોઈલ ટીમ ઈવેન્ટમા સિલ્વર મેડલ મેળવેલ છે તેમજ યુનિવર્સીટીને ભાઈઓના વિભાગમા ઓવરઓલ ચેમ્પિયનશીપ મેળવવામા મહત્વનુ યોગદાન આપેલ છે. અત્રે નોધનીય છે કે, અમરસિહ મુળ ગાધીનગરના વતની છે અને પિતા તથા સ્પોર્ટસ મેન્ટર ભરતજી ઠાકોરના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની નડીયાદ સ્થિત ફેન્સીગ એકેડમીમા કોચ રોશન થાપા અને ગોકુલ મલીકના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવી રહેલ છે.

આ ઉપરાત આ સ્પર્ધામા સરદાર પટેલ યુનિવર્સીટી તરફથી ભાગ લઈ બહેનોના વિભાગમા શિતલ, ખુશી, નિશા અને દિવ્યાએ ફોઈલ બહેનોમા તથા પ્રિયંકા, દ્રષ્ટી, આશા અને સોનલે સેબર બહેનોમા ટોપ ૮ મા સ્થાન મેળવેલ તથા ફોઈલ ભાઈઓમા સચીન, અજયસિહ, હર્ષવર્ધનસિહ અને દિવ્યરાજસિહ તથા ઈપી ભાઈઓમા હર્ષવર્ધનસિહ, સિધ્ધરાજસિહ, કરણ અને દિવ્યરાજસિહે ટોપ ૮મા સ્થાન મેળવી ખેલો ઈન્ડીયા યુનિવર્સીટી ગેમ્સ માટે ક્વોલીફાય કરેલ છે. આજ રીતે હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સીટી તરફથી ભાગ લઈ રીતુ ચૌધરી, પાર્વતીબેન ઠાકોર, મૈત્રી ચાવડા અને રજનીકાએ ટોપ-૮ મા સ્થાન મેળવી ખેલો ઈન્ડીયા માટે ક્વોલીફાય કરેલ છે. આ તમામ ખેલાડીઓને એમેચ્યોર ફેન્સીગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટટના પ્રમુખ મુકેશભાઈ ચૌધરી અને મંત્રી ભરતજી ઠાકોરે અભિનંદન પાઠવેલ છે.

# ઓક્સિજનના ઉત્પાદન પર રખાઈ રહી છે ખાસ નજર

## ઓક્સિજનનું ઉત્પાદન કરતા વેપારીઓના પાસેથી રોજે રોજ ઓક્સિજનના ઉત્પાદનનો રિપોર્ટ મંગાવાઈ રહ્યો છે

અમદાવાદ, તા.૯

ફરી એકવાર કોરોનાને લઈ સ્થિતિ કાબુ બહાર જતી હોવાનું દ્રશ્ય સામે આવી રહ્યું છે. રાજ્યભરમાં કોરોનના કેસનો આંકડો ૫ હજારને પાર પહોંચ્યો છે ત્યારે આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. કેન્દ્ર અને રાજ્યના બે મહત્વના વિભાગો ઓક્સિજનનું ઉત્પાદન કરતા વેપારીઓના સંપર્કમાં છે. આ ઓક્સિજનના વેપારીઓ પાસેથી રોજે રોજ ઓક્સિજનના ઉત્પાદનનો રિપોર્ટ મંગાવવામાં આવી રહ્યો છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે. જેના પગલે ફરી એકવાર આરોગ્ય અધિકારીની દોડધામ વધી ગઈ છે. તેમાંય કેન્દ્ર અને રાજ્યના બે મહત્વના વિભાગો ઓક્સિજનનું ઉત્પાદન કરતા વેપારીઓના સંપર્કમાં છે. રાજ્ય સરકારના ફૂડ એન્ડ ડ્રગ વિભાગ અને કેન્દ્રના એકસપલોઝીવ ડિપાર્ટમેન્ટ દ્વારા ઓક્સિજનના ઉત્પાદનને લઈ મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.

ઓક્સિજન ઉત્પાદન કરતા વેપારી પ્રણાવભાઈ શાહ જણાવે છે કે, ઓક્સિજનના ઉત્પાદનને લઈ સરકાર દ્વારા મોનીટરીંગ ચાલુ કરાયું છે. વેપારીઓ પાસે રોજે રોજ કેટલું ઉત્પાદન થઈ રહ્યું છે તેના ડેટા મંગાવવામાં આવી રહ્યા છે. પહેલા અમદાવાદમાં ઓક્સિજનનું ઉત્પાદન કરતા માત્ર ૭ વેપારીઓ હતા. પરંતુ કોરોનાની બીજી લહેર બાદ ૧૨થી ૧૫ જેટલા વેપારીઓ હાલ અમદાવાદમાં ઓક્સિજનનું ઉત્પાદન કરી રહ્યા છે. જ્યારે રાજ્યમાં અંદાજે ૧૫૦ વેપારીઓ ઓક્સિજન ઉત્પાદન કરી રહ્યા છે. રોજેરોજ રાજ્ય સરકારના ફૂડ એન્ડ ડ્રગ વિભાગ અને કેન્દ્રના એક્સપલોઝીવ ડિપાર્ટમેન્ટ બંને વિભાગના અધિકારીઓ ઈમેલ મારફતે અને ટેલિફોન દ્વારા વેપારીઓનો સંપર્ક કરી રહ્યા છે અને રિપોર્ટ માંગી રહ્યા છે. રિપોર્ટ માંગવા અને ઓક્સિજન ઉત્પાદનના મોનીટરીંગ પાછળનો હેતુ એ હોઈ શકે કે, આ રિપોર્ટના આંકડા પરથી કોરોનાની સ્થિતિ કેટલી હદે ખરાબ થઈ રહી છે તેનો અંદાજ આવી શકે. બીજીલહેર વખતે સ્થિતિ ખરાબ થતા લોકો વેપારીઓના ઓક્સિજન રિફીલિંગ કરાવવા પહોંચતા હતા. જેમાં ક્વોલિટી લેવલ ઘણા વેપારીઓએ જાળવ્યું નહોતું. જેના કારણે પોસ્ટ કોવિડ ઈફેક્ટના કેસો સામે આવ્યા હતા. એવી સ્થિતિ પણ આ વખતે ન સર્જાય તેથી જેનું પાલન દરેક વેપારીઓ અને લોકો કરે તે જરૂરી છે.



**વાવોલમાં ડે. મેયરના કાર્યાલયે ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો**

ગાંધીનગરના વોર્ડ નં. ૭ માં સમાવિષ્ટ વાવોલ ખાતે ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલના કાર્યાલયે શનિ-રવિ દરમ્યાન બે દિવસીય વિના મૂલ્યે ડેન્ટલ ચેકઅપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શ્રીનાથ હેલ્થકેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દાંતની તપાસની સેવા પુરી પાડવામાં આવી હતી જેનો વાવોલ સહિત આસપાસના વિસ્તારની ગ્રામ્ય જનતાએ મોટા પ્રમાણમાં લાભ લીધો હતો.

# બનાસકાંઠા જિલ્લામાં વહેલી સવારે ધુમ્મસ છવાતાં વાહનચાલકો પરેશાન

બનાસકાંઠા જિલ્લામાં આજે શનિવારે વહેલી સવારથી જ ધુમ્મ્સભર્યુ વાતાવરણ છવાતાં વાહનચાલકો પરેશાન થયા છે.

હાઈવે પર વિઝિબિલિટી ઘટતા વાહનચાલકોને હાલાકી પડી રહી છે. જેમાં હાઈવે પર વાહનચાલકોને લાઈટ ચાલુ રાખી પસાર થવાની ફરજ પડી રહી છે.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસ દરમિયાન હવામાન વિભાગની આગાહીને લઈ જિલ્લામાં અનેક વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હતા. જેમાં જિલ્લામાં આજે શનિવારે વહેલી સવારથી જ વાતાવરણમાં ધુમ્મસ છવાતાં આકાશી કોહરામ જામ્યો હતો. નેશનલ હાઈવે પર વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.



## વાયણા ગામની સીમમાંથી ૯ લાખથી વધુનો દારૂ બિયરનો જથ્થો ઝડપાયો

વાયણા ચોકડી થી વાયણા ગામ તરફ જવાના એપ્રોચ માર્ગની જમણી બાજુ આવેલી ઝાડી-ઝાંખરાવાળા ચરાના અંતરીયાળ માર્ગ પરથી રૂ.૯,૨૫,૦૮૦ ની કિંમતની દારુ-બિયરની કુલ નંગ-૩૦૬૦ બોટલ તેમજ રૂ.૩ લાખની વર્ના ગાડી, રૂ.૪ લાખની આઈશર ટ્રક મળી કુલ રૂ.૧૬, ૨૫,૦૮૦ થી મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

### સર્વેનું તારણ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નથી, પરિણામે પ્રત્યેક ચૂંટણીમાં ભાજપને સફળતા મળે છે. રાજકીય પાર્ટીનો મુખ્ય આધાર કાર્યકરો હોય છે પરંતુ તેમને સાચવવામાં આવતા નહીં હોવાથી તેઓ પાર્ટીની મુખ્ય ધરામાં રહી શકતા નથી અને બીજી પાર્ટીનો સહારો લેતા હોય છે.

૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસના પ્રદેશ નેતાઓ હવે વર્ષાન્તે પાર્ટી જોડો અભિયાન શરૂ કરવાના મૂડમાં છે. ખાસ કરીને કોંગ્રેસમાં નવા કાર્યકરોની મોટી ભરતી આવી રહી છે, કારણ કે પાર્ટી પાસે અત્યારે કાર્યકરોની અછત જોવા મળે છે. પાર્ટીના સિનિયર નેતાએ કહ્યું હતું કે ગુજરાતના શહેર અને ગામડામાં કાર્યકર નોંધણી ઝૂંબેશ તીવ્ર બનાવવામાં આવશે.

### ૧૫૩ કેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની કડક અમલવારી સાથે સતત મોનીટરીંગની સૂચનાઓ આપી છે.

શહેરમાં પાંચ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. શહેરમાં હાલ ૩૦૦થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન છે. તંત્રએ કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારીને પણ અસરકારક બનાવવા તાકીદ કરી છે.

શહેરમાં વધતા જતા કેસોની સંખ્યા બીજી લ્હેરના કેસો કરતાં વધારે હોવાનું તંત્રના સૂત્રોનું માનવુ છે. શહેરમાં ટેસ્ટીંગનું પ્રમાણ વધારીને ૫ હજારથી પણ વધુ કરવામાં આવ્યું છે.

ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી ટ્રાવેલમાંથી પરત ફરેલા લોકોને મનપામાં રજીસ્ટ્રેશન કરાવવા અને તેમને ફરજીયાત ક્વોરોન્ટાઈન કરવાની દિશામાં તંત્ર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી છે.

### વધુ ૫૨ કેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દાખલ કરવામાં આવેલ છે. સઈજમાં બે કેસ આજે નોંધાયા છે. સાંતેજમાંથી પણ આજે એક કેસ મળી આવેલ છે.

કલોલ અર્બનમાં નોંધાયેલા કેસોમાં કલોલ અર્બન-૧ માં બે કેસ અને ૮ કેસ અર્બન-૨ વિસ્તારમાં નોંધાયા છે. કલોલ અર્બન-૨ નો વિસ્તાર કોરોના માટે હોટસ્પોટ બની ગયો છે. અર્બન-૨ ના વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧૫ થી વધુ કેસ નોંધાઈ ચુક્યા છે.

માણસા તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં ત્રણ કેસ માણસા અર્બનમાં નોંધાયા છે. જ્યારે એક કેસ દેલવાડ ગામે નોંધાયો છે. માણસા અર્બનમાં આજે નોંધાયેલા કેસોમાં બે મહિલા દર્દી અને એક પુરૂષનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૯ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૩ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩૮૮૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની નીતિ અમલી બનાવવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૬૦ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન બનાવવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ અસરકારક રીતે કરવા તેમજ કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી માટે સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓ, ખેડૂતો અને વિદ્યાર્થીઓ સંક્રમિત વધુ થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૫૦૦ થી ૧૭૦૦ લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે તે વધારવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.



૧૫ થી ૧૮ વર્ષના બાળકોનું રસીકરણ શરૂ થઈ ચુક્યુ છે. શાળાઓમાં વેક્સીનેશન ડ્રાઈવ ચલાવી બાળકોને રસી આપી કોરોના સામે સુરક્ષિત બનાવાઈ રહ્યા છે. સેક્ટર-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના ધો. ૯ થી ૧૨ના ૪૫૦ થી વધુ બાળકોને શાળામાં રસી અપાઈ હતી. શાળાના આચાર્ય ફાધર અરૂણ અને ડૉ. પુજા ખત્રી દ્વારા સેક્ટર-૨ અર્બન હેલ્થ સેન્ટરના સહયોગથી આ વેક્સિનેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.